# ગ્રાન્ટ ફાળવણીમાં વ્હાલા-દવલાની નીતિ, મામલો પ્રદેશ પહોંચ્યો

### નારણપુરા ગ્રામ પંચાયતની મહીલા સરપંચના પતિએ ગ્રાન્ટ મુદ્દે ચાલતી સિન્ડીકેટનો પર્દાફાશ કર્યો : લેટર બોમ્બ ઝિંકતા ભાજપા છાવણીમાં હલચલ

હિંમતનગર, તા. ૨

ધનસુરા તાલુકાની નારણપુરા (આકરૂન્દ) ગ્રામ પંચાયતને છેલ્લા ૩ વર્ષથી ગ્રાન્ટ ફાળવણીમાં અન્યાય સહન ન થતાં ભાજપાની વિચારધારા ધરાવતા મહીલા સરપંચના પતિ વિનોદ ધનજીભાઈ પટેલે ગ્રાન્ટ ફાળવણીમાં ચાલતી સિન્ડીકેટનો ૨ પાનાનો લેટર બોમ્બ પ્રદેશમાં મોકલતાં આવનારા દિવસમાં તેના રીએકશન જોવા મળી શકે છે.

જિલ્લામાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સદસ્ય, એ.ટી.વી.ટી. ગ્રાન્ટ ચોક્કસ કોન્ટ્રાક્ટરોને કામ આપો તોજ ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવે છે. ગ્રામ પંચાયત મતે વિકાસનું કામ કરવાનો પ્રયાસ કરવાના પ્રયત્નો કરે તે પહેલાં જ ગ્રાન્ટ ફાળવણી રદ થાય છે. જિલ્લામાં અનેક કોન્ટ્રાક્ટરો રાજકીય પક્ષો સાથે સંકળાયેલા હોવાથી ભ્રષ્ટ અધિકારીઓની સિન્ડીકેટ રચી પોતાના ધાર્યા ખેલ પુરા પાડે છે.

**યોગ્ય ન્યાય નહી મળે તો અન્ય પક્ષમાં જોડાશું**

નારણપુરા ગ્રામ પંચાયતના મહીલા સરપંચના પતિ અને ગ્રામ પંચાયત સદસ્ય વિનોદ પટેલે ભાજપા પ્રદેશ પ્રમુખને ગ્રાન્ટ ફાળવણીમાં ચાલતી લાલીયાવાડી અંગે પત્ર લખી અમારી ગ્રામ પંચાયતને ગ્રાન્ટ ફાળવણીનો અન્યાય દૂર નહી થાય તો અમે ન છૂટકે અન્ય પક્ષમાં જોડાશુ.

નારણપુરા ગ્રામ પંચાયતના મહીલા સરપંચના પતિએ પોતાની ગ્રામ પંચાયતને ગ્રાન્ટ મુદ્દે કેવો અન્યાય થઈ રહ્યો છે. ગ્રાન્ટ ન ફાળવાય તે માટે કોણ કોણ સામેલ છે, કયા વિસ્તારમાં ગ્રાન્ટ ફાળવી કોને કામ કર્યા તેનો ૨ પાનાની વિગત સાથેનો લેટર બોમ્બ પ્રદેશ ભાજપા સંગઠન પ્રમુખ સી.આર. પાટીલને મોકલી આપ્યો છે. ટૂંકમાં અરવલ્લી જિલ્લામાં ગ્રાન્ટ ફાળવણીમાં માતબર ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે. ભ્રષ્ટાચારનો સડો દૂર નહી થાય તો આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપાના સિદ્ધાંતોને વરેલા અનેક સરપંચો ભાજપાથી મો ફેરવી શકે છે.

# આ વર્ષે નવરાત્રી નહીં આઠ રાત્રી, એક નોરતાની ઘટ

### ૭ ઓક્ટોબરથી નવરાત્રીનો પ્રારંભ, નોરતાની તૈયારીઓ શરૂ

બાયડ, તા. ૨

આગામી ૭મી ઓક્ટોબર, ગુરૂવારે આસો સુદ પડવા સાથે આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રીનો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આસ્થાપૂર્વક પ્રારંભ થશે. નવરાત્રી દરમ્યાન ઘટ સ્થાપન માટે સૂર્ય પ્રમાણે સવારે ૬.૩૧ થી ૮.૦૦ વાગ્યા સુધી શુભ ચોઘડીયું છે જેથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં શેરી ગરબાના આયોજકોએ તૈયારીઓ શરૂ કરી છે. નોંરતાને આડે ગણતરીના દિવસ બાકી રહ્યા હોવાથી મંદિરોમાં પણ આસ્થાપૂર્વક તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

આ વર્ષે નવરાત્રી નહીં પરંતુ આઠ રાત્રી ઉજવાશે કારણ કે નોંરતાના ૯ દિવસમાં ૧ નોંરતાની ઘટ આવી છે. તીથીના સંયોગના કારણે આ વર્ષે ચોથનો ક્ષય થતો હોવાથી નવરાત્રીમાં ૧ દિવસ ઓછો અને આદ્યશક્તિ આરાધના માટે તમામ વિસ્તારોમાં પૂર્વ તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે.

જિલ્લામાં આગામી ૭ ઓક્ટોબરથી ૧૪ ઓક્ટોબર સુધી નવરાત્રી પર્વની ઉજવણીને લઈ વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ભરમાર જોવા મળી શકે છે. જિલ્લામાં નવરાત્રી સ્થળોએ ઘટસ્થાપનથી માંડી આઠમની ઉજવણી કરવા માટેના આયોજનો વિવિધ માઈ મંડળો દ્વારા શરૂ કરવામાં આવ્યા છે. આ વર્ષે ચોથના ક્ષય સાથે ત્રીજ અને ચોથ એક જ દિવસે ૯ ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવશે.

**૧૩ ઓક્ટોબર રાતના ૮.૦૮ વાગ્યા સુધી આઠમ સાથે હવનાષ્ટમી**

જિલ્લામાં નવરાત્રીની તૈયારીઓ શરૂ થઈ છે. ગત વર્ષે કોરોનાના કપરા કાળમાં નવરાત્રી પર્વને ગ્રહણ લાગ્યું પરંતુ આ વખતે છુટછાટ સાથે નવરાત્રી પર્વ ઉજવાશે જેમાં ૧૩ ઓક્ટોબરના રોજ બુધવારે આસો સુદ-આઠમની સાથે ઉપવાસ તેમજ હવનાષ્ટમી ઉજવાશે. આસો માસના આરંભ સાથે પ્રથમ ૯ ઓક્ટોબરે ત્રીજ છે અને પછી ચોથ બેસે છે. ૧૨ ઓક્ટોબરના રોજ મંગળવારે આખો દિવસ સાતમ અને તેજ દિવસે રાત્રીના ૯.૪૯ વાગે પૂરી થઈ આઠમ શરૂ થાય છે. બુધવારે ૧૩ ઓક્ટોબર રાત્રીના ૮.૦૮ વાગ્યા સુધી આઠમની ઉજવણી સાથે હવનના આયોજનો થઈ શકશે.

જ્યારે ગુરૂવારે ૭ ઓક્ટોબરના રોજ આસો સુદ પડવા સાથે શારકીય નવરાત્રીની શરૂઆત થશે. ઘટસ્થાપન સહિત અન્ય મુહૂર્ત માટે સૂર્ય પ્રમાણે ચોઘડીયું જોઈ જિલ્લામાં આદ્યશક્તિના નોંરતાની શરૂઆત થનારી હોવાથી ગરબા આયોજકો તેમજ ખેલૈયાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# બાયડના ભુખેલ રોડ ઉપર વેચાતી દારૂની પોટલીયોથી સોસાયટીના રહીસો ત્રસ્ત

### સોસાયટીનો રસ્તો બંધ કરવા સુધીનો આક્રોશ

બાયડ, તા. ૨

બાયડ પોલીસના ખુલ્લા હપ્તારાજથી બાયડના ભુખેલ રોડ ઉપર દેશી દારૂની પોટલીયોનું વેચાણ થઈ રહ્યુ છે. દારૂની પોટલીયોથી ત્રસ્ત સ્વામિનારાયણ સોસાયટીના અનેક લોકોએ આંતરીક રસ્તા ન છુટકે બંધ કરવાનો આક્રોશ સામે આવ્યો છે.

બુટલેગરો બાયડ પોલીસની આશિર્વાદથી બેફામ બન્યા છે. બાયડના કેટલાક વિસ્તારોમાં દારૂંધીના લીરા ઉડી રહ્યા છે. ભુખેલ રોડ ઉપર સાંજના ૪ થી દેશી દારૂની પોટલીઓનું વેચાણ થાય છે. દારૂ ઢીચી દારૂડીયા સ્વામિનારાયણ સોસાયટી-૨ ના પ્રવેશદ્વારમાં પ્રવેશી સોસાયટીમાં લથડીયા ખાતા, દારૂની ખાલી પોટલી ફેંકતા ચોઈલા રોડ તરફ રવાના થાય છે. દરરોજ દારૂની પોટલીયો સોસાયટીમાં નંખાતાં કેટલાક યુવાનો રોષે ભરાયા છે અને બાયડ પોલીસ દ્વારા દારૂની બદી અટકાવવામાં નહી આવે તો ન છૂટકે જનતા રેડ કરવામાં આવશે અને રેન્જ આઈ.જી. સુધી તેની વિગતો પહોંચાડવાનો નિર્ણય કર્યો છે તેમ છતાં દારૂની બદી નહી અટકે તો સોસાયટીના આંતરીક રસ્તા અવરજવર માટે બંધ કરવાની ચિમકી પણ આપી છે.

# માલપુર તાલુકાના નાથાવાસ ગામની ગૌચર જમીન પર માથાભારે તત્વોનો કબજો

### માથાભારે તત્વો સામે અરવલ્લી જીલ્લા કલેકટરને અરજી

મોડાસા તા. ૨

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના નાથાવાસ ગામની ૧૪૧, ૩૬૬, ૩૭૦, ૩૮૩, ૪૨૪, ૪૪૧, ૪૪૭, ૪૭૧ સર્વે નંબર વાળી સરકારી પર દબાણ કરનાર તત્વો વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. તો શું આ માથાભારે તત્વોની પહોંચ ઉપર સુધી છે...? કે પછી તેમની રહેમ નજર હેઠળ દબાણ કરવામાં આવ્યું છે...? એ એક આવતી નથી.

સ્થાનિક તંત્ર કે પોલીસ તંત્ર દ્વારા ગૌચર જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી બેઠેલા ૧૭ જેટલા માથાભારે શખ્શો વિરુદ્ધ કાર્યવાહી કરી



ગૌચર જમીન વર્ષોથી માથાભારે તત્વોએ સ્થાનિક પંચાયતની રહેમ નજર હેઠળ દબાણ કરી કબજે કર્યાની ફરિયાદ ઉઠવા પામી છે. ત્યારે સ્થાનિક પશુપાલકોના જણાવ્યા અનુસાર પંચાયતના સરપંચ કે તલાટી દ્વારા પણ ગૌચર મોટો પ્રશ્ન છે...! કે પછી આ લોકો સામે કાર્યવાહી કરતાં પંચાયત પણ ડરી રહી હોય તેમ લાગી રહ્યું છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર પોલીસ તંત્રને પણ વારંવાર રજૂઆત કરવા છતાં પોલીસ દ્વારા પણ કોઈ કાર્યવાહી કરવામાં જમીન પરનું દબાણ દૂર કરવામાં ન આવતાં, છેવટે ગ્રામજનો દ્વારા પશુપાલકો માટે મહામૂલી ગૌચર જમીન પરનું દબાણ દૂર કરવા માટે મામલતદાર તેમજ જિલ્લા કલેકટરને લેખિતમાં આવેદન આપી રજૂઆત કરવામાં આવી છે.

### રેન્જ આઈજી વહીવટદારોનો ખાત્મો કરાવે

# અરવલ્લી પોલીસમાં વહીવટદારોનો વધતો દબદબો : સારી કામગીરી કરતા એક નાયબ પોલીસ અધિક્ષકને સાઈડ લાઈન કર્યાની ચર્ચા

બાયડ, તા. ૨

અરવલ્લી પોલીસમાં વહીવટકર્તાનો દબદબો વધતો હોવાની લોક ચર્ચા છે. શ્રાવણ મહીનામાં હાઈ પ્રોફાઈલ જુગારધામ, દારૂના બુટલેગરોના ત્યાં સર્જીકલ સ્ટ્રાઈક કરનારા નાયબ પોલીસ અધિક્ષકને સાઈડલાઈન કર્યાની લોક ચર્ચામાં જરૂર દમ હોવાનું સમજુ નાગરીકો માની રહ્યા છે.

પાછલા ઘણા વર્ષોથી અરવલ્લી પોલીસની દારૂના બુટલેગરો અને જુગારધામ ચલાવતા સંચાલકોની સાંઠગાંઠ જગ જાહેર છે. જો કે તેના કોઈ દસ્તાવેજી પુરાવા ન હોય પરંતુ પાછલા ૨ વર્ષમાં દારૂની તસ્કરીમાં શામળાજી પોલીસ, એલ.સી.બી. પી.આઈ., તથા સ્ટાફની સંડોવણી બહાર આવી તે જોતાં પ્રજાને ભ્રષ્ટ પોલીસ ઉપર કોઈ ભરોસો રહ્યો નથી જ્યારે ‘ગઢવી’ એ તો હદ વટાવી અને દારૂની લાઈનોનું સંચાલન કરતો હોવાનું બહાર આવતાં તેમાં ઉચ્ચ અધિકારીઓ સુધી આંગડીઓ ચિંધાઈ. જિલ્લામાં નાયબ પોલીસ અધિક્ષકે શ્રાવણ મહીનામાં કોઈનીય શેહ શરમ વગર હાઈ પ્રોફાઈલ જુગારધામ-દારૂના અડ્ડા ઉપર ત્રાટકી પોલીસની સારી છબી ઉભી કરી પરંતુ અચાનક તેમને સાઈડલાઈન કરાયા હોય તે રીતે આવી કામગીરીનું પુનરાવર્તન જોવા મળ્યુ નથી. લોકચર્ચા એવી છે કે વહીવટદારોના હાથ એટલા લાંબા છે કે ભલભલા અધિકારીઓને પણ ચૂપ થઈ જવુ પડે. રેન્જ આઈ.જી. દ્વારા અરવલ્લી પોલીસમાં ચાલતા વહીવટદાર રાજના મુડીયાં ઉખાડવા જોઈએ તેવો લોકમત પ્રવર્તી રહ્યા છે.

**વહીવટદારો એલ.સી.બી., એસ.ઓ.જી. અને ડી-સ્ટાફમાં ગોઠવાયા**

અરવલ્લી જિલ્લામાં પોલીસના વહીવટદારો એલ.સી.બી., એસ.ઓ.જી. અને ડી-સ્ટાફમાં ગોઠવાઈ ગયા છે અને મોટા વહીવટ કરતા હોવાની લોકચર્ચાએ કૂતુહલ જગાવ્યુ છે. કેટલાક કિસ્સાઓમાં ન્યાયીક તપાસ થાય તો ‘વહીવટદારો’ પોલીસ અધિકારીઓ કરતાં પણ વધુ રોક જમાવતા જોવા મળે છે.

# મોડાસા સબજેલ ખાતે સ્વદેશી જાગરણ મંચ તથા જાયન્ટ્સ દ્વારા ગાંધીજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનાં જન્મ દિવસ નિમિત્તે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત



તેમજ "આઝાદી કા અમૃત મહોત્સવ" હેઠળ જાયન્ટસ ગ્રુપ મોડાસા તથા સ્વદેશી જાગરણ મંચ અરવલ્લી સાબરકાંઠાનાં સભ્યશ્રીઓ સાથે પૂર્વ સાંસદશ્રી ડો. મહેંદ્રસિંહ ચૌહાણ, સ્વદેશી જાગરણ મંચ પ્રાંત મીડિયા સંયોજકશ્રી નિલેશ જોષી દ્વારા સબજેલ ખાતે ગાંધી કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથાકાર તરીકે જયેન્દ્ર ભટ્ટશ્રીએ બાપુના જીવન ચરિત્ર વિશે એક પાત્રિય અભિનય તેમજ ગાંધી જીવનનાં મૂલ્યો વિશે એક સફળ કાર્યક્રમ યોજી કેદીઓને જેલમાં રહી પશ્ચાતાપ કરી સુધારાત્મક વલણ અપનાવી જેલ મુકત થયા બાદ પોતાના પરિવાર અને સમાજમાં જઈ નવું જીવન જીવવા નો બોધપાઠ પાઠવ્યો હતો. તેમજ દરેક કેદીઓને માસ્ક નું વિતરણ કરવામાં આવેલ હતું.

# શિક્ષણમંત્રી સુધી ફરીયાદ ધનસુરાની દેવીપૂજક પ્રાથમિક શાળાના શિક્ષકોને ધમકાવતો અધિકારી કોણ !!

### શાળાના બાળકોને સુવિધા અપાતી નથી અને મળતીયાઓ સાથે મળી ધમકાવવા નિકળ્યા

બાયડ, તા. ૨

ધનસુરા તાલુકાના જાલમપુરા નજીક દેવીપૂજક પ્રા. શાળાના ૩૨ બાળકો શાળાના પાકા ઓરડાના અભાવે છાપરામાં ભણી અભ્યાસ કરતા હોવાના અખબારી અહેવાલ પછી શાળાના પ્રા. શિક્ષકોને અધિકારી ધમકાવતો હોવાની વિગતો સામે આવી છે. જિલ્લામાં અનેક શાળાઓને ઓરડા મંજૂર થવા છતાં ગ્રાન્ટ અપાતી નથી અને લાગવગીયાઓને જરૂર ન હોય તો પણ ગ્રાન્ટ ફળવાય છે ત્યારે ગરીબ બાળકો સામે કોઈ જોનારૂ નથી... સ્થાનિક ગ્રામજનો ફરીયાદના આધારે અહેવાલ પ્રસિદ્ધ થાય અને રઘવાયા બનેલા અધિકારીઓ પ્રા. શિક્ષકોને તબડાવી મજા લેતા હોવાનું જાણવા મળ્યુ છે. અધિકારીઓના ખરાબ વર્તાવ અંગે રાજ્યના શિક્ષણમંત્રીને ફરીયાદ કરાઈ છે.

સરકારી શાળાઓના સર્વાંગી વિકાસ માટે સરકાર કરોડોની ગ્રાન્ટ ફાળવે છે પરંતુ આંખો જોઈને ગ્રાન્ટની ખેરાત થાય છે. જ્યારે તાલુકાની દેવીપૂજક પ્રા. શાળાના ગરીબ બાળકો સામે જોનારૂ કોઈ જ નથી તે ફરી પુરવાર થયુ છે. છેલ્લા ૨ વર્ષથી ગરીબ બાળકો ખુલ્લામાં ઝુંપડામાં બેસીને ભણે છે. રાજ્ય સરકાર-શિક્ષણ વિભાગ શાળાઓના ભૌતિક વિકાસ માટે ગ્રાન્ટ આપી પોતાની ફરજ પૂર્ણ કરે છે પરંતુ અરવલ્લી જિલ્લામાં શું રમત રમાય છે તે જોવાનો સમય વિભાગ પાસે નથી. જ્યારે બીજી લોકચર્ચા મુજબ દેવીપૂજક પ્રા. શાળાનો પાકો ઓરડો તૈયાર થાય તો અન્ય શાળાઓને નુકશાન થાય તેમ હોવાથી અંદરખાને જ શાળાના ઓરડાને મંજૂરી છતાં તૈયાર નહી કરવા કેટલાક મળતીયા સક્રીય થયાનું જાણવા મળેલ છે. ૨ વર્ષથી શાળાનો ઓરડો મંજૂર થવા છતાં કોના ઈશારે કામ થતું નથી જેની જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તપાસ થાય તો શિક્ષણમાં પ્રસરેલા રાજકારણનો પર્દાફાશ થઈ શકે છે.

# બાયડના ડૉ. મહેન્દ્ર પટેલે ૬૧મા જન્મ દિવસે ૩૬૬ પ્રજ્ઞાચક્ષુઓને નવી દૃષ્ટિનો રાહ ચિંધ્યો

બાયડ, તા. ૨

અંધજનોનાં આંખના અંધારા દૂર કરવા જેવી બીજી મોટી કોઈ સેવા નથી. સ્વજનનું મોત નિપજ્યુ હોય, પરિવાર કરૂણ કલ્પાંત કરતો હોય ત્યારે કોઈ અંધજનને નવી દૃષ્ટિ મળે તે માટે આંખોનું દાન આપો..!! તે કહેવા હિંમત જોઈએ... ક્યારેક અપમાનિત પણ થવું પડે..!! બાયડ પંથકમાંથી મૃતકોના ચક્ષુદાનમાં લઈ ગુજરાત તેમજ દેશના ૩૬૬ પ્રજ્ઞાચક્ષુઓને નવી દૃષ્ટિનો રાહ ચિંધનાર ડૉ. મહેન્દ્ર બી. પટેલનો આજે ૬૧મો જન્મ દિવસ છે. તેમના દ્વારા સ્થાપિત લાયન્સ કલબ-બાયડનો પરમેનેન્ટ પ્રોજેક્ટ સમગ્ર ડીસ્ટ્રીક્ટનો સફળ પ્રોજેક્ટ સાબિત થયો છે.

મૂળ વિજયનગરના પ્રતાપગઢ કંપાના વતની દાયકાથી બાયડમાં જનરલ પ્રેક્ટીસ કરતા ડૉ. મહેન્દ્રભાઈ ભીમજીભાઈ પટેલ લાયન્સ કલબ-બાયડમાં સેવાકીય પ્રવૃત્તિ માટે જોડાયા..!! ચક્ષુદાન મહાદાન સૂત્રને જીવનમાં વણી લીધુ. જનરલ પ્રેક્ટીશનર ડૉક્ટર હોવા છતાં કોઈ નજીકમાં મૃત્યુ થાય એટલે દવાખાનામાં તમામ કામ પડતાં મુકી



ત્યાં પહોચી જાય... મૃતકના દીકરા-ભાઈઓને મૃતકના ચક્ષુદાનમાં આપવાનું સમજાવે પરંતુ અનેક માન્યતામાં આળોટતા લોકો-સમાજ દ્વારા ચક્ષુદાન આપવા ઘસીને ના પાડતા રહ્યા..!! હિંમત હાર્યા વગર ચક્ષુદાનના પ્રયાસ જારી રાખ્યા અને વર્ષ ૧૯૯૬માં પ્રથમ ચક્ષુદાન મળતાં અપાર ખુશાલી થઈ. ચક્ષુઓને ગણતરીના કલાકમાં અમદાવાદ સિવિલમાં મોકલવામાં આવ્યા..!! બાયડમાં ચક્ષુદાન મળ્યુ છે તે જાણતાં ડેમાઈ ગામના જગદીશભાઈ શાહ દ્વારા તેમના માતાના નામે દાન આપી ઈચ્છાબેન રણછોડલાલ ગિરધરદાસ શાહ ચક્ષુ પ્રાપ્તિ કેન્દ્ર શરૂ થયુ. અને તેમાં આંખરોગ નિષ્ણાત ડૉ. બી.પી. ચૌધરીની વિનામૂલ્યે સેવા મળી પછી લાયન્સ કલબ-બાયડના પરમેનેન્ટ પ્રોજેક્ટમાં ડૉક્ટર બેલડીના પ્રયાસથી ૨૫ વર્ષમાં ૧૮૩ જોડ ચક્ષુ પ્રાપ્ત થતાં અત્યાર સુધીમાં ૩૬૬ અંધ લોકોને નવી દૃષ્ટિ માત્ર બાયડના પ્રોજેક્ટ મારફતે મળી છે. ચક્ષુદાન મહાદાન મંત્રને સાર્થક કરનાર ડૉ. મહેન્દ્રભાઈ બી. પટેલનો આજે ૬૧મો જન્મ દિવસ હોવાથી લાયન્સ લીઓ કલબ બાયડ અઢળક શુભકામનાઓ આપશે પરંતુ તેમના પ્રયાસથી જેમને નવી દૃષ્ટી મળી છે તેવા અસંખ્ય પ્રજ્ઞાચક્ષુ અજ્ઞાત દાતાને અંતરથી આશિર્વાદ આપશે... લોકોની સેવા કરવી હોય તો રાજકીય પક્ષનો પાલવ પકડવાની જરૂર નથી. ગમે તે બેનર હેઠળ પણ યથાર્થ માનવસેવા કરી શકાય છે.



૨જી ઓક્ટોબર ૧૯૪૩ના દિને ડો. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ મોડાસાની સ્થાપના એક નાની ડિસ્પેસરી કરી હતી. આજે ૭૮ વર્ષે આ હોસ્પિટલ અરવલ્લી જિલ્લાની હાર્દ સમી પ્રમુખ હોસ્પિટલ તરીકેની ભુમિકા ભજવી રહી છે. વર્ષો પહેલા સામાન્ય ડિસ્પેસરીથી શરુઆત કરેલ આજે હોસ્પિટલ આરોગ્ય સેવાઓ સાથે ૨૫૦ બેડની કાર્યરત હોસ્પિટલ છે. હોસ્પિટલ તદન નજીવા દરે તથા જરૂતિયાત જણાય તેવા દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપી રહી છે.

હોસ્પિટલ ખાતે આજે મેડીસીન, સર્જિકલ, ગાયનેક, ઓર્થોપેડીક, પીડીયાટ્રીક્સ, ડેન્ટલ, આંખ, માનસિક તથા સ્કીન આ તમામ વિભાગો ફુલ ટાઈમ માટે કાર્યરત છે. હોસ્પિટલ ખાતે અદ્યતન ઓપરશન થીએટર જેવા કે, જનરલ ઓ.ટી., આંખની ઓ.ટી. તથા ટ્રોમા સેન્ટર પણ કાર્યરત છે. અદ્યતન લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે મશીન, ફીઝીયોથેરાપી વિભાગ જેવા વિભાગો પણ કાર્યરત છે.

હોસ્પિટલની આ સુંદર કામગીરીનો શ્રેય હોસ્પિટલના ચેરમેનશ્રી જીગીશભાઈ મહેતા સાહેબ, માનદમંત્રીશ્રી પુનમભાઈ પટેલ, સહ-માનદમંત્રીશ્રી પિયુષભાઈ પટેલ તથા તમામ ટ્રસ્ટીગણ, હોસ્પિટલના ઓફિસ સુપ્રિટેન્ડેન્ટશ્રી રાકેશ પટેલ, હોસ્પિટલ વહીવટી સ્ટાફ તથા હોસ્પિટલના તમામ ડૉક્ટર સ્ટાફ, હોસ્પિટલ કર્મચારી ગણ, સંસ્થાને દાન આપતા દાનવીરોને આભારી છે. સંસ્થા ગ્રાન્ટ ઈન એઈડ હોસ્પિટલ હોઈ સરકારશ્રીના આરોગ્ય લક્ષી તમામ યોજના સરકારશ્રીની સાથે રહી કામગીરી કરી રહી છે. સંસ્થા સરકારશ્રીનો પણ એટલો જ આભાર માને છે.


**ટૂંકી જાહેર નિવિદા**

બાયડ તાલુકાની ચોઈલા ગ્રામ પંચાયતમાં વિકાસના કામો માટેનો માલસામાન જેવો કે સિમેન્ટ, રેતી, કપચી બ્લેક વિગેરે પૂરા પાડવા રસ ધરાવતા વેપારીઓએ મજૂરી, કાર્ટીંગ તથા જી.એસ.ટી. સહિતના ભાવો બંધ કવરમાં ચોઈલા ગ્રામ પંચાયત કચેરીમાં તા.૭-૧૦-૨૦૨૧ સુધીમાં કચેરી સમય દરમ્યાન મળે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

વહીવટદાર - ચોઈલા ગ્રામ પંચાયત